**ગઢડા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબર–૧૧૧૯૦૦૦૪૨૬૦૨૨૪/૨૬ બી.એન.એસ ની કલમ ૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ વિ. મુજબના ગુન્હાના કામે અરજદાર નો મુદામાલ પરત મેળવવાની અરજી લગત હુકમ.**

---

(૧) આ કામે અરજદાર: **રાજુભાઈ શંભુભાઈ ચૌહાણ, ઉ.વ. ૪૪, રહે. સાંજણાવદર તા. ગઢડા જિ. બોટાદ** વાળાની અરજીની ટુંકમા હકીકત એવી છે કે, **ગઢડા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં બર–૧૧૧૯૦૦૦૪૨૬૦૨૨૪/૨૬ બી.એન.એસ ની કલમ ૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ વિ.** મુજબના ગુન્હાના કામે પોલીસે કબજે કરેલ અરજદારની માલીકીની **હીરો હોન્ડા કંપનીનુ સ્પ્લેન્ડર પ્લસ મો.સા જેના રજી નં. જીજે–૦૪–બી.સી–૪૪૩૯** છે તે પોલીસ દવારા કબજે કરવામાં આવેલ છે તેનો કેસ ચાલતા દરમ્યાન કબજો મેળવવા અરજદારે હાલની અરજી કરેલ છે વધુમાં હાલની અરજી બાબતે સરકાર તરફે એપીપીશ્રી રજા ઉપર હોય તેઓને સાંભળેલ નથી. આરોપી ધ્વારા **માર્ક–૩/૪** થી નો–કલેઇમ પુરશીસ રજુ કરેલ છે. વધુમાં આ કામે ત.ક.અમલદારશ્રીનો અભીપ્રાય **આંક–૪** થી રજુ થયેલ છે જેમા મુદામાલની તપાસના કામે હાલ કોઈ જરૂરીયાત ન હોય મુદ્દામાલ અરજદારને પરત સોંપવા માટે અભીપ્રાય આપેલ છે.

(૨) આ કામે અરજદારે તેઓની માલીકી બતાવા માટે માલીકીને લગત કાગળોમાં આર.સી.બુક ની નકલ, આધારકાર્ડ ની નકલ , એફ.આઈ.આર ની નકલ રજુ કરેલ છે. આમ, રજુ કરેલ દસ્તાવેજો ધ્યાનેં લેતા આ કામના અરજદાર કબજે કરવામા આવેલ મુદામાલ વાહનના માલીક હોવાનુ જણાઈ છે. વધુમા આ કામે કેસ ચાલતા સમય જાય તેમ છે અને કબજે કરેલ મુદામાલ બીનજરૂરી રીતે પોલીસ સ્ટેશનમા પડી રહે તો તે ખરાબ થઈ જાય અને નુકશાન પામે તેવી શકયતા રહેલી છે વધુમાં આ કામે મુદામાલના અરજદાર સિવાય અન્ય કોઈ માંગણીદાર નથી તથા જે આરોપી પાસેથી મુદામાલ કબજે કરવામા આવેલ છે તેની નો– કલેઈમ પુરસીસ રજુ છે. ત.ક. અમલદાર દવારા પણ સદર મો.સા. ની હાલના કામે કોઈ જરૂરીયાત ન હોય મો.સા.પરત સોંપવા માટે સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે. જેથી તપાસના કામે હાલના મુદામાલની જરૂરીયાત હોવાનું ફલીત થતુ નથી જે સમગ્ર સંજોગો તથા **નામદાર સુપ્રિમકોર્ટ એ.આઈ.આર. ૨૦૦૩,પાના નં.૬૩૮, સુંદરલાલ અંબાલાલ પટેલ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**માં આપેલ નિર્દેશ મુજબની હકીકતો ધ્યાને લેતા મુદામાલ નીચેની શરતોને આધીન કેસ ચાલતા દરમ્યાન વચગાળાનો કબજો પરત સોં પવો યોગ્ય અને ન્યાયોચીત જણાતુ હોય જેથી અરજી તળે નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**–:: હુ ક મ ::–**

આ કામના અરજદાર: **રાજુભાઈ શંભુભાઈ ચૌહાણ, ઉ.વ. ૪૪, રહે. સાંજણાવદર તા.**

**ગઢડા જિ. બોટાદ** વાળાની આ મુદામાલ વચગાળાની કસ્ટડી થી પરત મેળવવાની અરજી આથી **મંજુર** કરવામા આવે છે અને **ગઢડા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબર–૧૧૧૯૦૦૦૪૨૬૦૨૨૪/૨૬ બી.એન.એસ ની કલમ ૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ વિ.** મુજબના ગુન્હા ના કામે પોલીસે અરજદારની માલીકીનુ **હીરો હોન્ડા કંપનીનુ સ્પ્લેન્ડર પ્લસ મો.સા જેના રજી નં. જીજે–૦૪–બી.સી–૪૪૩૯** નું છે જે કબ્જે કરેલ છે તે મુદામાલ પાવતીમાં જણાવેલ કિંમતના દોઢી રકમના જામીન તથા તેટલીજ રકમનાં જાત અરજદાર મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન કેસ ચાલતા દરમ્યાન મુદામાલનો વચગાળાનો કબજો આ કામના અરજદારને સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**–: શ ર તો :–**

૧) અરજદારે મુદ્દામાલ વાહન ટ્રાયલ દરમિયાન નામદાર કોર્ટ જયારે ફરમાવે ત્યારે અને ત્યાં રજૂ કરવાનુ રહેશે.

૨) અરજદારે મુદ્દામાલ વાહન કેસ ચાલતા દરમિયાન કોઈને વેચાણ,ગીરો,બક્ષિસ કે ટ્રાન્સફર કરવુ નહીં અને તેના રંગ, રૂપમાં કે સ્થિતિમાં ફેરફાર કરવો નહીં અને તેની યથાવત સ્થિતિ જાળવી રાખવી.

૩) અરજદારે મુદ્દામાલ વાહનનો આવા પ્રકારના ગુનામાં અથવા તો અન્ય કોઈ ગેરકાયદેસર પ્રવૃતિ કે ગુનામાં ઉપયોગ કરવો કે કરાવવો નહીં.

૪) અરજદારે પોતાના ખર્ચે મુદ્દામાલ વાહનના ચારેય બાજુથી ફોટોગ્રાફ પાડીને ત. ક. અમલદારને આપવાના રહેશે.

૫) અરજદારે બોન્ડ તથા જામીન તથા વાહનના ફોટોગ્રાફસ સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવા તેમજ પોલીસે બોન્ડ, જામીનને લગત તમામ કેસ પેપર્સ તથા ફોટોગ્રાફસ ચાર્જશીટ સાથે સામેલ રાખવા.

આ હુકમની યાદી પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૨૩/૦૩/૨૦૨૬.**
**મુકામ : ગઢવા(સ્વા.)**

**(એચ.એ.મકા)**
**જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ**
**ગઢડા(સ્વા.)**